# પાઠ-૭, જીવનપાથેય (ગુજરાતી, ધોરણ-૭)

| ID | Questions | Question Image |
|---|---|---|
| 1 | "જીવનપાથેય" પાઠના લેખક કોણ છે ?<br>( ) પ્રવીણ દરજી<br>( ) કિશોર અંધારિયા<br>( ) ધૂમકેતુ<br>( ) કાકા કાલેલકર | |
| 2 | લેખકને કેટલાં ભાઈઓ હતાં ?<br>( ) ચાર<br>( ) પાંચ<br>( ) ત્રણ<br>( ) છ | |
| 3 | લેખકના પિતાશ્રી શામાટે હતાશ થયા હતાં ?<br>( ) અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યો છતાં પોતાની ઉમેદ બર ન આવી માટે<br>( ) પાંચ ભાઈઓમાંથી એક પણ બી.એ. સુધી પહોંચી ન શક્યો માટે<br>( ) પોતાના છ સંતાનોમાંથી એક પણ મેટ્રિક પાસ પણ નહોતો થયો માટે<br>( ) લેખક એન્જિનિયરિંગ કોલેજમાં ભણવા માગતા હતાં માટે | |
| 4 | શાળાની આબરૂ જાળવવા માટે મેટ્રિકના ત્રણ વિદ્યાર્થીઓએ શું કર્યું ?<br>( ) પરીક્ષા આપવા માટે જ ન ગયા<br>( ) યુનિવર્સિટી સ્કૂલ ફાઈનલની પરીક્ષા આપવા બેઠા<br>( ) ચોરી કરીને સારા માર્ક મેળવી પાસ થયા<br>( ) ગમે તેવા સંજોગો ઊભા થાય પાસ થઈને જ રહેવું | |
| 5 | લેખકને કયા બે વિષયોમાં સારી ફાવટ હતી ?<br>( ) ગુજરાતી અને અંગ્રેજી<br>( ) અંગ્રેજી અને હિન્દી<br>( ) અંગ્રેજી અને વિજ્ઞાન<br>( ) અંગ્રેજી અને ગણિત | |
| 6 | એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ માટે શેની પરીક્ષા પાસ કરવી પડતી હતી ?<br>( ) મેટ્રિકની પરીક્ષા<br>( ) પોસ્ટ મેટ્રિકની પરીક્ષા<br>( ) પ્રિવિયસની પરીક્ષા<br>( ) પ્રિ-યુનિવર્સિટીની પરીક્ષા | |

| | | |
|---|---|---|
| **7** | બી.એ., એલ.એલ.બી. છોડી લેખકે અભ્યાસની કઈ શાખા પસંદ કરી હતી ?<br>( ) એલ.આઈ.સી.<br>( ) એલ.સી.ઈ.<br>( ) એલ.ઈ.સી.<br>( ) એલ.સી.બી. | |
| **8** | લેખકના મતે લોકો પૈસાદાર કેવી રીતે બને છે ?<br>( ) મહેનત કરીને<br>( ) ખૂબ પરસેવો પાડીને<br>( ) ચોરી કરીને<br>( ) લાંચ લઈને | |
| **9** | બી.એ., એલ.એલ.બી. થઈશું તો શું થવાશે ?<br>( ) મામલતદાર કે મુનસફ<br>( ) મામલતદાર કે મુખ્ય શિક્ષક<br>( ) ટી.ડી.ઓ. કે મુનસફ<br>( ) મામલતદાર કે ટી.ડી.ઓ. | |
| **10** | કોન્ટ્રાક્ટર લોકો પાસેથી લાંચ લઈશું તો તેમાં કોણ છેતરાશે ?<br>( ) કોન્ટ્રાક્ટર લોકો<br>( ) મકાન માલિક<br>( ) સરકાર<br>( ) સામાન્ય લોકો | |
| **11** | લેખક કયા ખ્યાલથી મગરૂર રહેતા હતાં ?<br>( ) લોકો લાંચ લઈને પૈસાદાર થાય છે<br>( ) અધર્મમાં પણ ધર્મબુદ્ધિ હું સાચવું છું<br>( ) કોન્ટ્રાક્ટરને છેતરવાથી સરકાર છેતરાશે<br>( ) ઘોડા પર બેસી ફરવાનો લહાવો લેવાશે | |
| **12** | લેખકના પિતાશ્રીનો હોદ્દો જણાવો<br>( ) કોલેજમાં વ્યાખ્યાતા<br>( ) શાળામાં શિક્ષક<br>( ) સાંગલી રાજ્યના ચીફ ઓફિસર<br>( ) સાંગલી રાજ્યના ટ્રેઝરી ઓફિસર | |
| **13** | લેખકના પિતાશ્રી કેટલાં રૂપિયા લઈને પૂને જવાના હતાં ?<br>( ) ચારેક લાખ<br>( ) પાંચેક લાખ<br>( ) ત્રણેક લાખ<br>( ) સાતેક લાખ | |
| **14** | લેખકના પિતાશ્રી પૂને શું ખરીદવા જાય છે ?<br>( ) પ્રોમિસરી નોટો<br>( ) પ્રોસેસરી નોટો<br>( ) દસ્તાવેજ<br>( ) દસ્તાવેજની ટિકીટો | |

| | | |
|---|---|---|
| 15 | લેખક અને તેમના પિતાશ્રી ક્યાં ભેગા થયા ?<br>( ) સાંગલી બસ સ્ટેશન<br>( ) સાંગલી રેલવે સ્ટેશન<br>( ) સાંગલી હવાઈમથક<br>( ) સાંગલી રીક્ષા સ્ટેન્ડ | |
| 16 | લેખકને ઘરના સભ્યો કયા નામે બોલાવતા હતાં ?<br>( ) કાકાસાહેબ<br>( ) દત્તાત્રેય<br>( ) દત્તુ<br>( ) કાલેલકર | |
| 17 | "તારી કેળવણી પર ધૂળ છે." આ વાક્ય કોણ બોલે છે ?<br>( ) લેખકના માતૃશ્રી<br>( ) લેખકના પિતાશ્રી<br>( ) લેખકના મોટાભાઈ<br>( ) લેખકના ગુરુજી | |
| 18 | લેખકને સાચી કેળવણી ક્યાંથી મળી હતી ?<br>( ) પોતાના ઘરમાંથી<br>( ) કોલેજમાંથી<br>( ) સાંગલી અને પૂના વચ્ચે ટ્રેનમાં<br>( ) સાંગલી અને પૂના વચ્ચે બસમાં | |
| 19 | 'શાખ' શબ્દનો અર્થ શું થાય ?<br>( ) શોખ<br>( ) ડાળી<br>( ) કોર<br>( ) આબરૂ | |
| 20 | સાચી જોડણી શોધો<br>( ) વિચારશૃંખલા<br>( ) વીચારશૃંખલા<br>( ) વિચારશ્રીંખલા<br>( ) વિચારશુંખલા | |
| 21 | જે વાક્યમાં ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ હોય તે વાક્ય .........કાળ સૂચવે છે .<br>( ) વર્તમાનકાળ<br>( ) ભૂતકાળ<br>( ) ભવિષ્યકાળ<br>( ) એકપણ નહીં | |
| 22 | જયારે કોઈ વાક્યમાં ક્રિયા પૂર્ણ થઈ હોવાનો નિર્દેશ હોય ત્યારે તેવું વાક્ય ..........કાળ સૂચવે છે<br>( ) વર્તમાનકાળ<br>( ) ભૂતકાળ<br>( ) ભવિષ્યકાળ<br>( ) એકપણ નહીં | |

| | | |
|---|---|---|
| **23** | જયારે કોઈ વાક્યમાં ક્રિયા થવાની સંભાવનાનો નિર્દેશ હોય ત્યારે તેવું વાક્ય .......... કાળ સૂચવે છે .<br>( ) વર્તમાનકાળ<br>( ) ભૂતકાળ<br>( ) ભવિષ્યકાળ<br>( ) એકપણ નહીં | |
| **24** | એ લાઈનમાં લાંચ ખૂબ મળતી હતી. આ વાક્ય કયો કાળ દર્શાવે છે ?<br>( ) વર્તમાનકાળ<br>( ) ભૂતકાળ<br>( ) ભવિષ્યકાળ<br>( ) એકપણ નહીં | |
| **25** | વાંક બીજાનો ને સજા માને થાય છે ! આ વાક્ય કયો કાળ દર્શાવે છે ?<br>( ) વર્તમાનકાળ<br>( ) ભૂતકાળ<br>( ) ભવિષ્યકાળ<br>( ) એકપણ નહીં | |